2012 International Year of Cooperatives

GUJARAT URBAN CO-OPERATIVE BANKS FEDERATION
Co-operative Banks Bhavan, Near Jaihind Press, Ashram Road, Mithakhali Under Bridge, Ahmedabad-380009.
Phone : 079-26589159, 26589179, Fax : 079-26584901 E-mail : gujfed@gmail.com, Web : www.gujfed.com

PROUDLY CO-OPERATIVE

## ગુજરાત અર્બન કો-ઓપરેટીવ બેન્કસ ફેડરેશન અને
## ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ બેન્ક લિ.નાં સંયુક્ત ઉપક્રમે

# રમતોત્સવનું આયોજન : ક્રિકેટ ટુર્નામેન્ટ રવિવારે રાજકોટમાં

## સહકારી બેન્કોને એક અંબ્રેલા હેઠળ લાવી શકાય અને તે દ્વારા સહકારીતાનો સેતુ ઉભો થાય : જયોતીન્દ્રભાઈ મહેતા

ભારતમાં સહકારી પ્રવૃતિના થયેલ વિકાસમાં ગુજરાતનું મહત્વનું યોગદાન રહ્યું છે. ગુજરાતની પ્રગતિમાં સહકારી બેન્કિંગ માળખાએ અગત્યની ભૂમિકા ભજવેલ છે. રાજ્યના સહકારી ક્ષેત્ર થકી છેવાડાના ગામડા તથા શહેરી મધ્યમ વર્ગના લોકોની આર્થિક પ્રગતિ થયેલ છે. સાથે સાથે સહકારી બેન્કો મજબુત થયેલ છે. રાજ્યના સહકારી બેન્કિંગ માળખાને સુદ્રઢ બનાવવા સતત પ્રયત્નશીલ ગુજરાત અર્બન કો-ઓપરેટીવ બેન્કસ ફેડરેશન અને ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ બેન્ક લિ.નાં સંયુક્ત ઉપક્રમે રમતોત્સવનું આયોજન કરાયું છે. જેમાં ક્રિકેટ, કબ્બડી, ચેસ, કેરમ અને ટેબલ ટેનીસનો સમાવેશ થાય છે. તે અંતર્ગત તા. ૧૬ને રવિવારે રાજકોટ ખાતે ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાયેલ છે.

ગુજફેડનાં ચેરમેન જ્યોતીન્દ્રભાઈ મહેતા જણાવે છે કે, ‘બંને સંસ્થાઓ દ્વારા લેવામાં આવેલ દૂરંદેશીપૂર્વકનાં પગલાં થકી તમામ અર્બન તથા જિલ્લા સહકારી બેન્કોને એક અંબ્રેલા નીચે લાવી શકાયેલ છે અને રાજ્યનાં અર્થતંત્રના વિકાસમાં ખૂબ જ અગત્યની ભૂમિકા ભજવી રહી છે. વિશેષમાં સહકારી બેન્કીંગ સેકટરમાં બેન્કો વચ્ચે સહકારી ભાતૃભાવ બને એકબીજાની નજીક આવે, મદદરૂપ થાય તે માટે અને પોતપોતાનું પ્રાઉડ ફીલ કરે તેવી ટીમ ભાવના વિકસે તે ખૂબ જ જરૂરી છે. આ માટે રાજયની ટોચની રાજ્ય સહકારી બેન્ક તથા અર્બન બેન્કસ ફેડરેશનના આગેવાનો હરહંમેશ પ્રયત્શીલ રહ્યા છે. બેન્કોમાં સહકારીતાનો સેતુ ઉભો થાય અને બેન્કોના નાના-મોટા પ્રશ્નો નિરાકરણ થાય તે માટે બંને સંસ્થાઓનાં સંયુકત ઉપક્રમે ગુજરાત રાજ્યની તમામ સહકારી બેન્કોના કર્મચારીઓ માટે આગામી ડિસેમ્બર તથા જાન્યુઆરી માસ દરમ્યાન જુદી-જુદી સ્પોર્ટસ ઈવેન્ટનું આયોજન છે.’

આ રમતોત્સવને લઈને સહકારી કર્મચારીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળે છે.

---

માનનીય તંત્રી શ્રી
ઉપરોક્ત પ્રેસનોટ પ્રસિદ્ધ કરવા વિનંતી સહ... અલ્પેશ જયસુખભાઈ મહેતા, મીડીયા કો-ઓર્ડીનેટર,મો.૯૪૨૮૮ ૯૪૪૪૯

COOPERATIVE ENTERPRISES BUILD A BETTER WORLD